કાશ્મીરના કિસ્તવારમાં સ્થિતિ સ્ફોટક

શ્રીનગર,તા.૧૨

કિસ્તવારમાં સાંપ્રદાયિક હિંસા બાદ સમગ્ર જમ્મુ હવે સંચારબંધીના સકંજામાં છે. સાવચેતીના પગલારૂપે તમામ જિલ્લાઓમાં સંચારબંધી લાદી દેવામાં આવતા બીજા દિવસે પણ સ્થિતિ ખૂબજ વિસ્ફોટક રહી હતી. પૂંચ અને ઉધમપુરમાં થોડાક સમય માટે આજે રાહત આપવામાં આવ્યા બાદ હિંસા ભટકી ઊઠતા ભરી સંચારબંધી લાદી દેવામાં આવી હતી. આજે નવેસરની હિંસામાં છ લોકો ઘાયલ થયા બાદ કિસ્તાવારમાં પોલીસ અને દેખાવકારો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી.સ્થિતિ ખુબજ વિકટ હોવાના કારણે જનજીવન ખોરવાઈ ગયુ છે. જમ્મુ શહેરમાં કેટલાક સ્થળોએ સંચારબંધી ભંગના અહેવાલ પણ મળ્યા છે. જમ્મુ શહેરના લઘુમતિ વાળા વિસ્તારોમાં દેખાવકારોને અલગ પાડવા પોલીસને ટિયરગેસના સેલ છોડવા પડ્યા હતા. સેનાની તૈનાતી કરવામાં આવી ચુકી છે. હિંસાગ્રસ્ત વિસ્તારમાં સૈના દ્વારા ફ્લેગમાર્ચ કરવામાં આવતા લોકોમાં આંશિક રાહત થઈ હતી. જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઓમરઅબ્દુલ્લા શિયાળુ પાટનગર જમ્મુ પહોંચી ગયા છે અને પરિસ્થિતિ ઉપર નજર રાખી રહ્યા છે. શાંતિમાં ખલેલ પહોંચાડવા ઈચ્છુક તત્ત્વો સામે કઠોર પગલાં લેવા તંત્રને સૂચના આપવામાં આવી છે. કિસ્તવારમાં વધુ એક મૃતદેહ મળી આવતા સ્થિતિ વિસ્ફોટક બનેલી છે.

મુખ્યમંત્રીએ કહ્યું છે કે મૃતદેહ કોમવાદી હિંસા બાદ કિસ્તવારમાં મળી આવ્યા બાદ તેમાં તપાસ હાથ ધરવામાં આવી છે. શુક્રવારના દિવસે એકાએક હિંસા ભડકી ઉઠ્યા બાદથી કિસ્તવારમાં સંચારબંધી લાદવામાં આવી છે. જ્યાં બે લોકોના મોત થયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા. ગઈકાલે મોડી રાત્રે જમ્મુ અને રાજુરી જિલ્લામાં પણ કરફ્યુ લાદવામાં આવ્યો હતો. આગ અને હિંસાના બનાવ બાદ સૈનાને બોલાવી દેવામાં આવી છે. જમ્મુ પ્રદેશના ૧૦ જિલ્લાઓ પૈકી તમામ જિલ્લાઓમાં માઠી અસર થઈ ગઈ છે. ભાજપના વરિષ્ઠ નેતાઓ તથા અન્ય નેતાઓ દ્વારા તપાસની માંગણી કરવામાં આવી છે. કરફ્યુવાળા વિસ્તારોમાં કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નથી પરંતુ સ્થિતિ ચિંતાજનક બનેલી છે. ગઈકાલે સવારે જમ્મુ કાશ્મીરના ઉધમપુર, સામ્બા અને કઠુઆ જિલ્લામાં પણ અચોક્કસ મુદતની સંચારબંધી લાદી દેવામાં આવી હતી. ઉધમપુર, રાજોરી અને જમ્મુ જિલ્લામાં સંચાર બંધીના લીધે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. સાવચેતીના પગલાં રૂપે આ વિસ્તારોમાં સંચારબંધી લાદવામાં આવી છે.

કિસ્તવાર હિંસામાં જ્યુડિશિયલ તપાસ કરાશે : ઓમર અબ્દુલ્લા

શ્રીનગર,તા. ૧૨

કિસ્તવાર જિલ્લમાં સાંપ્રદાયિક હિંસામાં બે લોકોના મોત થયા બાદ અને ૨૦ લોકો ઘાયલ થયા બાદ સ્થિતિ વણસી ગઈ છે ત્યારે જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ હિંસાના મામલામાં જ્યુડીશિયલ તપાસનો આદેશ કર્યો છે. ઓમર અબ્દુલાએ કહ્યું છે કે આ જ્યુડીશીયલ તપાસ હાઈકોર્ટના નિવૃત્ત જજ દ્વારા કરવામાં આવશે અને સમયબદ્ધ રીતે આને પૂર્ણ કરવામાં આવશે. અહેવાલને લોકો સમક્ષ પણ રજૂ કરવામાં આવશે. આજે સવારે ઓમર અબ્દુલ્લાના નેતૃત્વમાં ઉચ્ચસ્તરિય બેઠક મળી હતી જેમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ઓમર અબ્દુલ્લાએ માઈક્રો બ્લોગીંગ સાઈટ ટ્વિટર પર જણાવ્યુ હતુ કે કિસ્તવાર હિંસા પાછળની વાસ્તવિકતાને સપાટી પર લાવવા માટે જ્યુડિશિયલ તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. સમયબદ્ધ રીતે આ તપાસ થશે. ઈદના દિવસે જમ્મુ પ્રંતના કિસ્તવારમાં સાંપ્રદાયિક હિંસા ભડકી ઉઠી હતી ત્યારબાદ જમ્મુ શહેર અને રાજોરીમાં આ હિંસા ફેલાઈ ગઈ હતી. ઓમરે કહ્યુ છેકે લોકોને શાંતિ જાળવી રાખવાની અપીલ કરવામાં આવી છે. મુખ્યમંત્રી ઓમર અબ્દુલા કહી ચૂક્યા છે કે લોકોની ભાવનાઓને ભડકાવવાના પ્રયાસ રાજકીય પક્ષો દ્વારા કરાઈ રહ્યા છે. આ જ કારણસર સરકારે કોઈપણ રાજકીય પક્ષના નેતાને હિંસાગ્રસ્ત વિસ્તારની મુલાકાત ન લેવા સૂચના આપી છે. લોકોને શાંતિ જાળવી રાખવા અપિલ કરવામાં આવી છે. હજુ કેટલાક દિવસ સુધી સ્થિતિ સામાન્ય નહીં બને.

કાશ્મીરના ગૃહ રાજ્યમંત્રી કિચલુએ રાજીનામુ આપ્યુ

શ્રીનગર,તા. ૧૨

જમ્મુ કાશ્મીરના ગૃહરાજ્ય પ્રધાન સજ્જાદ કિચલુએ આજે રાજીનામુ આપી દીધુ હતુ. કિસ્તવારમાં સાંપ્રદાયિક હિંસા માટે ભાજપ સહિત અન્ય રાજકીય પક્ષોએ હિંસા માટે કિચલુને જવાબદાર ઠેરવ્યા હતા. કારણકે જ્યરે કિસ્તવારમાં બંને સમુદાય વચ્ચે હિંસક અથડામણો થઈ હતી ત્યારે કિચલુ પોતાના ગૃહનગર કિસ્તવારમાં ઈદ મનાવવા માટે ગયા હતા. એવા



અહેવાલ મળ્યા છે કે મુખ્યપ્રધાન ઓમર અબ્દુલ્લાએ કિચલુના રાજીનામાને સ્વીકારી લઈને આગળની પ્રક્રિયા હાથ ધરી છે. કિચલુના રાજીનામાની માંગને લઈને ભાજપે રાજ્ય સરકારને ૭૨ કલાકનું અલ્ટિમેટમ આપીને જમ્મુમાં ૧૨ કલાકના બંધની હાંકલ કરી હતી. આ બંધની હાંકલ બાદ રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ હિંસા ભડકી ઉઠી હતી. આના માટે મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ભાજપને જવાબદાર ઠેરવીને પ્રહારો કર્યા હતા. મળેલી માહિતી મુજબ રાજ્યની સ્થિતિને સુધારવા માટે મુખ્યમંત્રી અબ્દુલ્લાના આદેશ પર કિચલુને રાજીનામુ આપી દેવા કહેવામાં આવ્યુ હતુ. કિચલુની સામે થોડાક દિવસ પહેલા પણ કાર્યવાહી કરવાની માંગ ઉઠી હતી. એ વખતે કિચલુએ એક ઓફિસરને તમાચો મારી દીધો હતો. પરંતુ હવે હિંસા વધુ તીવ્ર બની ગઈ છે. કિચલુ રાજીનામુ આપતીવેળા પ્રશ્ન ઉઠાવ્યો છે કે તેઓ રાજીનામુ આપી રહ્યા છે પરંતુ હિંસા વેળા ગુજરાતના મુખ્યમંત્રીએ રાજીનામુ આપ્યુ ન હતુ.

કિંગફિશર હેડ ક્વાર્ટરને આખરે કબજામાં લેવાયુ

મુંબઈમાં કિંગફિશર એરલાઈન્સના હેડક્વાર્ટર પર આખરે ધીરાણદારોએ કબજો જમાવી લીધો છે. બેંકો પાસેથી લીધેલી રકમ પરત કરવામાં કટોકટીગ્રસ્ત કિંગફિશર એરલાઈન્સ નિષ્ફળ ગયા બાદ બેંકોએ તેના પર કબજો જમાવી લીધો છે. અગ્રણી બિઝનેસ અખબારના જણાવ્યા મુજબ એસબીઆઈ કેપ ટ્રસ્ટી કંપની લીમિટેડ જે ધીરાણદારો માટે કામ કરે છે. તે કંપનીએ ૧૦મી ઓગસ્ટના દિવસે કિંગફિશરની આ સંપત્તિ પર કબજો જમાવી લીધો છે. કટોકટીગ્રસ્ત એરલાઈનના ગેરેન્ટરો બાકી રહેલી રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા બાદ સંપત્તિ પર કબજો જમાવી લેવામાં આવ્યો છે. કિંગફિશરની સેવા ઓક્ટોબર ૨૦૧૨થી બંધ કરવામાં આવી છે. ગેરેન્ટરો છેલ્લા ઘણા સમયથી ફ્લોપ સાબિત થયા છે. કંપનીના ગેરેન્ટર અને માલિક વિજય માલ્યાને બેંકોને ૬૦૨૭ કરોડની રકમની ચૂકવણી કરવાની બાકી છે. જાહેર ક્ષેત્રના ટોચના કારોબારીને ટાંકીને અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે બેંકોએ રિકવરી પ્રક્રિયાના ભાગરૂપે આ સંપત્તિ કબજે કરી છે. કિંગફિશરના હેડક્વાર્ટરની સંપત્તિ પણ ખૂબ મોટી છે. આને વેચવાથી પણ જંગી રકમ ઉભી થઈ શકે છે. બેંકોએ યુનાઈટેડ સ્પિરિટ અને મેંગ્લોર કેમિકલ્સના શેર વેચી દીધા છે. આનાથી ગયા વર્ષે કેટલાક અંશે રિકવરી થઈ હતી. કિંગફિશરના બેંકરોને થોડાક સમય સુધી સમય અપાયા બાદ ફેબ્રુઆરી ૨૦૧૩માં તમામ લોનની રિકવરી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ભારતીય સેના કાર્યવાહી કરવા સ્વતંત્ર : એન્ટોની

નવી દિલ્હી,તા. ૧૨

અંકુશરેખા પર પાકિસ્તાની સેના તરફથી સતત કરવામાં આવી રહેલા યુદ્ધવિરામના ભંગ અને લડાખ ક્ષેત્રમાં ચીની ઘૂસણખોરીના મુદ્દે સંરક્ષણપ્રધાન એકે એન્ટોનીએ આજે નિવેદન કરતા કહ્યુ હતુ કે ભારતીય ક્ષેત્રમાં અતિક્રમણ કરનાર પર કાર્યવાહી કરવા માટે સેના સ્વતંત્ર છે. ભારતના પ્રથમ સ્વદેશી યુદ્ધ જહાજ આઈએનએસ વિક્રાંતને દરિયામાં મુકાયા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા એન્ટોનીએ કહ્યુ હતુ કે સરહદ પર ઉભી થનાર સ્થિતિને પહોંચી વળવા માટે સશસ્ત્ર સેનાઓના હાથ ખુલ્લા છે. પૂંચ સેક્ટરમાં પાકિસ્તાની સેના દ્વારા ભારતના પાંચ જવાનોની હત્યા બાદ એન્ટોનીનું આ નિવેદન ખુબ મહત્વપૂર્ણ છે. આ અગાઉ પુંચમાં જવાનોની હત્યાના મુદ્દા પર એન્ટોનીએ કઠોર વલણ અપનાવ્યુ હતુ અને કહ્યુ હતુ કે પાકિસ્તાની સેનાની મદદ વગર સરહદ પારથી હુમલો કરવાની બાબત શક્ય દેખાતી નથી. તેમણે એમપણ કહ્યુ હતુકે પાકિસ્તાન સાથેના સંબંધોની સમિક્ષા કરવામાં આવશે. છેલ્લા થોડાક દિવસોમાં ચીન તરફથી લડાખ ક્ષેત્રમાં ઘૂસણખોરીના કેટલાક પ્રયાસો કરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે પાકિસ્તાન દ્વારા છેલ્લા ઘણા દિવસથી સતત ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. સરકારનું કહેવું છે કે જમ્મુ કાશ્મીરમાં ૧૯૯૦ની સ્થિતિનું પુનરાવર્તન થાય તેવી તક આપવામાં આવશે નહીં. આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશ રેખા પર હાલમાં સતત ગોળીબાર થયો છે. પહેલી જાન્યુઆરીથી પાંચમી ઓગસ્ટ વચ્ચેના ગાળામાં પાકિસ્તાની સૈનિકો દ્વારા ૫૭ વખત યુદ્ધવિરામનો ભંગ કરાયો છે જે ગયા વર્ષે આ જ ગાળાની સરખામણીમાં ૮૦ ટકા વધારે છે.

વિમાનના હાઈજેકનો પણ ખતરો તોળાય છે

નવી દિલ્હી,તા.૧૨

સરહદ પારથી આતંકવાદી હાફીઝ સઈદની દિલ્હીમાં આતંકવાદી હુમલા કરવાની ધમકી બાદ એક બાજુ દિલ્હીમાં હાઈએલર્ટની જાહેરાત કરાઈ છે. બીજી બાજુ ઈન્ટેલીજન્સના વધુ એક અહેવાલથી સુરક્ષા સંસ્થાઓની ચિંતા વધી ગઈ છે. હવે વિમાન હાઈજેકનો ખતરો તોળાઈ રહ્યો છે. દિલ્હી સહિત દેશના મુખ્ય વિમાની મથકો પરથી વિમાન અપહરણનો ખતરો તોળાઈ રહ્યો છે. પડોશી દેશોમાંથી આવનારી ફ્લાઈટો માટે વધારે સાવધાની રાખવા માટે હાઈએલર્ટની જાહેરાત કરાઈ છે. સીઆઈએસએફે ઈન્દિરાગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે ૧૦મી ઓગસ્ટ સુધી વિઝિટર પાસ બંધ કરી દીધા છે. વિમાની મથકની અંદર માત્ર ફ્લાઈટમાં જનાર યાત્રીઓ અને વર્ધીમાં રહેલા કસ્ટમ ઓફિસર, પોલીસ અને સીઆઈએસએફના જવાનોને મંજુરી અપાઈ છે.

કિસ્તવારમાં સ્થિતિ વધુ વણસશે : બસપાને ભય

શ્રીનગર,તા. ૧૨

જમ્મુ કાશ્મીરના જુદા જુદા મુદ્દાઓને લઈને આજે ભારે ધાંધલ ધમાલ થઈ હતી. કિસ્તવારમાં હિંસા ચાલી રહી છે. જમ્મુ કાશ્મીરમાં હાલમાં જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. રાજ્યસભા અને લોકસભામાં જોરદાર રજુઆત કરવામાં આવી હતી.

ભાજપના વરિષ્ઠનેતા વેંકૈયા નાયડુએ કહ્યુ હતુ કે કિસ્તવારમાં જે કાંઈ પણ બન્યુ છે તે ખૂબજ ચિંતાજનક બાબત છે. વિપક્ષના નેતાને જમ્મુ કાશ્મીર સરકારે કિસ્તવારની મુલાકાત લેવાની મંજુરી આપી ન હતી તે ખૂબજ દુખદ છે. બહુજન સમાજ પાર્ટીએ પણ કિસ્તાવારમાં જારી હિંસાનો મુદ્દો ઉઠાવ્યો હતો. બહુજન સમાજ પાર્ટીના નરેન્દ્ર કશ્યપે કહ્યુ હતુકે જો સમયસર ધ્યાન આપવામાં આવશે નહી તો સ્થિતિ ગંભીર બની શકે છે. રાજ્યસભા અને લોકસભા બંનેમાં આ મુદ્દો ઉઠાવાતા કામગીરી ખોરવાયેલી રહી હતી. છેલ્લા કેટલાક દિવસથી કિસ્તવારમાં હિંસાનો દોર ચાલી રહ્યો છે. લોકસભામાં કામગીરી શરૂ થવાની સાથે જ કિસ્તવાર અને અન્ય મુદ્દાઓને લઈને કામગીરી બપોરે ૧૨ વાગ્ય સુધી મોકુફ કરી દેવાઈ હતી.

પરમાણુ સક્ષમ પૃથ્વી-૨ મિસાઈલનું પરિક્ષણ થયું

ભુવનેશ્વર,તા. ૧૨

ભારતે આજે પરમાણુ સક્ષમ જમીનથી જમીનમાં પ્રહાર કરવાની ક્ષમતા ધરાવતું પૃથ્વી-૨ મિસાઈલનું સફળ પરિક્ષણ કર્યું હતું. સ્વદેશી રીતે વિકસીત કરવામાં આવેલી આ મિસાઈલનુંઓરિસ્સામાંલશ્કરી બેઝથી પરિક્ષણ કરવામાં આવ્યું હતું. સ્વદેશી રીતે વિકસીત કરવામાં આવેલી બેલાસ્ટિક મિસાઈલ પૃથ્વી-૨ ૩૫૦ કિલોમીટરની રેન્જ ધરાવેછે.

ભુવનેશ્વરથી આશરે ૨૩૦ કિલોમીટરના અંતરે સ્થિત બેલાસોર જિલ્લામાં ચંદીપુર દરિયાકાંઠા ઈન્ટરગ્રેટેડ ટેસ્ટ રેન્જથી આ મિસાઈલનું પરિક્ષણ કરવામાં આવ્યું હતું. ભારતીય સશસ્ત્ર દળ દ્વારા આ મિસાઈલનું પરિક્ષણ કરવામાં આવ્યું હતું. નિયમિત ટ્રેનીંગ કવાયતના ભાગરૂપે આ મિસાઈલનું પરિક્ષણ કરવામાં આવ્યું હતું. મિસાઈલના પરિક્ષણને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કારણ કે હાલમાં પાકિસ્તાન સાથે સરહદ ઉપર તંગદિલી ચાલી રહી છે. પાકિસ્તાન દ્વારા દરરોજ સરહદ ઉપર બિનઉશ્કેરણીજનક રીતે

ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. આવી સ્થિતિમાં આ પરિક્ષણ પાકિસ્તાનને સાવધાન કરી શકે છે. બીજી બાજુ ચીન દ્વારા પણ હાલના સમયમાં ઘૂસણખોરીના પ્રયાસો વધુ કરાયા છે જેથી યોગ્ય સમયે પરમાણુ સક્ષમ અતિ આધુનિક પૃથ્વી-૨ મિસાઈલનું પરિક્ષણ કરાયું હતું. ઓરિસ્સામાં લશ્કરી બેઝથી જમીનથી જમીનમાં પ્રહાર કરવાની ક્ષમતા ધરાવતી પરમાણુ સક્ષમ પૃથ્વી-૨ મિસાઈલનું પરિક્ષણ કરવામાં આવ્યુ હતું. આવી સ્થિતિમાં આ પરિક્ષણ પાકિસ્તાનને સાવધાન કરી શકે છે. ત્યારે મોટી સંખ્યામાં લશ્કરી અધિકારીઓ અને સંરક્ષણ વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા હતા. પૃથ્વી-૨ મિસાઈલ ભારતની સંરક્ષણ તાકાતમાં અનેકઘણો વધારો કરે છે. સરહદ પર તંગ સ્થિતિ વચ્ચે આ મિસાઈલના પરિક્ષણને લઈને હાલમાં હિલચાલ ચાલી રહી હતી. અત્રે એ ઉલ્લેખનીય છે કે ભારતીય સેના માટે પૃથ્વી-૨નો ઉપયોગ કરવામાં આવે છે. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા આ મિસાઈલ તૈયાર કરાઈ છે. આમાં સીંગલ સ્ટેજ લિક્વીડ ફ્યુઅલ એન્જિન છે. ૪૬૦૦ કિલોગ્રામની આસપાસ આનુ વજન છે. લોન્ચર પરથી આ મિસાઈલો મોટા ભાગે લોન્ચ કરવામાં આવે છે. પૃથ્વી-૨ મિસાઈલમાં અતિઆધુનિક પેરામિટરો ઉમેરવામાં આવે છે જે તેની અસરકારકતાને વધારે છે.

નરેન્દ્ર મોદીને બનાવટી દેશી ઓબામા તરીકે જ ગણાવાયા

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને કોંગ્રેસના જનરલ સેક્રેટરી દિગ્વિજયસિંહ વચ્ચે શાબ્દિક યુદ્ધ આજે નવી ઊંચી સપાટીએ પહોંચ્યું હતું. દિગ્વિજયસિંહે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને બનાવટી દેશી ઓબામા તરીકે ગણાવ્યા છે. દિગ્વિજયસિંહ છેલ્લા ઘણા સમયથી મોદી ઉપર આકરા પ્રહારો કરતા આવ્યા છે. દિગ્વિજયસિંહે આજે સવારે સોસિયલ નેટવર્કિંગ સાઈટ ટ્વીટર ઉપર જણાવ્યું હતું કે હવે અમારી પાસે બનાવટી દેશી ઓબામા

પણ છે. ગઈકાલે હૈદરાબાદમાં ભાજપની યુથ રેલીમાં મોદીએ જે પ્રકારના શબ્દોનો ઉપયોગ કર્યો હતો તેનાથી કોંગ્રેસના નેતાઓ પ્રતિક્રિયાઓ આપવામાં લાગી ગયા છે. મોદીએ યશ વી કેન, વોર કાય જેવા શબ્દોનો ઉપયોગ કર્યો હતો. આ પ્રકારના શબ્દો મોટાભાગે અમેરિકી પ્રમુખ બરાક ઓબામા દ્વારા કરવામાં આવે છે. ગઈકાલે લાલબહાદુર શાસ્ત્રી સ્ટેડિયમમાં જાહેર સભાને સંબોધન કર્યા બાદ પોતાના ભાષણને પૂર્ણ કરતી વેળા મોદીએ યશ વી કેન જેવા શબ્દોનો ઉપયોગ કર્યો હતો. મોદીએ લોકો પાસે પણ આવા જ પ્રશ્નો કર્યા હતા. કોંગ્રેસ મુક્ત ભારતના નિર્માણના સ્વપ્નનો નિર્માણ કરતા મોદીએ ભારત માતા કી જય અને વંદે માતરમ્ જેવા શ્લોગન બોલ્યા હતા.

સમાચાર ઝલક

- સ્વદેશી બનાવટનું પૃથ્વી-૨ મિસાઇલનું સફળ પરિક્ષણ.
- વાત્રક પાસે અકસ્માતમાં ૩નાં મોત.
- લાંઘણજની હવે તાલુકાની માગણી.
- સોહરાબ કેસમાં અમિત શાહને સુપ્રીમે રાહત આપતી, સી.બી.આઇ.કોર્ટની હાજરી બાબતે.
- પાકિસ્તાનની કાશ્મીર સરહદે હજુયે અવળચંડાઇ સરહદ પર સતત ગોળીબાર.
- ચૂંટણી ટંટેરો રાજકીય પક્ષોને વિશેષાધિકાર છે, સર્વ પક્ષોની રાવ.
- અન્ન સુરક્ષા બીલમાં વિરોધપક્ષના હોબાળાથી વિલંબમાં પડ્યું.
- સિંહોના રક્ષણ માટે જાગૃતિ માટે ગિરનાર નજીકના ગામોમાં સિંહરથની ફેરવણી શરૂ.
- નવસારી નજીક દરિયા કિનારે કન્ટેનર તણાઇ આવ્યું.
- સોલાર કૌભાંડ માટે કેરાલા મુખ્યમંત્રી સામે આરોપો.
- સ્વાતંત્ર્ય દિન ઉજવણી ખોરવી નાખવા ૧૦૦ આતંકવાદીઓ ને તાલીમ આપી હોવાનો અહેવાલ સમગ્ર દેશમાં તંત્ર સચેત.
- મધ્યપ્રદેશમાં લોકાયુક્ત દ્વારા કર્મચારીઓની ૨૬૦ કરોડની બેનામી મિલ્કત જપ્ત કરેલ છે.
- અફઘાનિસ્તાનમાં મુશળધાર વરસાદથી ૨૨ વ્યક્તિનાં મોત.
- ૩૮૦ ભારતીય માછીમારોને પાકિસ્તાનમાંથી મુક્ત કરાશે.
- અનિચ્છનીય ફોન માટે ૨૪૬ કંપનીઓને ટાઇએ નોટીસ આપી.
- સીઝનમાં સૌથી વધુ ભાવ ડુંગળીનો આજે રૂપિયા ૫૫ અમદાવાદ બજારમાં બોલાયો.
- વિક્રાંત જહાજ સંરક્ષણતંત્રમાં આજે મુકાયું, દરિયાઇ તાકાતમાં અનેક ઘણો વધારો.
- જુલાઇમાં સોના-ચાંદીની આયાતમાં ઘટાડો થયો.

મોંઘેરા મોતી (પાના નં. ૪ નું ચાલુ)

કૃષિ શિક્ષણમાં અપાર પ્રીતિ ધરાવનાર કાબરીયાના માર્ગદર્શન નીચે કુલ નવ વિદ્યાર્થીઓને એન્ટોમોલોજી વિષયમાં માસ્ટર ઓફ સાયન્સ ઇન એગ્રીકલ્ચરની પદવીથી વિભૂષિત કર્યા છે. બી.બી. કાબરીયાને કૃષિ મહોત્સવમાં વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૦ દરમિયાન સુરેન્દ્રનગર જીલ્લામાં બેસ્ટ કામગીરી માટે નોડલ વૈજ્ઞાનિક તરીકેનો એવોર્ડ અપાયો હતો. અને ઇશ્વરની એમનાં ઉપરની અસીમ કૃપા તો જુઓ! વર્ષ ૨૦૧૨માં પૂજ્ય મોરારિબાપુની રાજકોટ રામકથામાં મોરારિબાપુનાં જ હસ્તે પોતાની જ હોમ પીચમાં કૃષિક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદાન બદલ સન્માનિત કરવામાં આવ્યાં હતા. કેવી ધન્ય ક્ષણ!

વિપસ્થાના સાધના દ્વારા જીવનની સાચી દિશા મળી એમ જણાવતા ડો. બી.બી. કાબરીયાનું પ્રેરક અવતરણ એ છે કે, 'આજના ભૌતિક સુખસગવડના યુગમાં દરેક વ્યક્તિએ આધ્યાત્મિક જ્ઞાન વગર જીવી શકાય તેમ નથી. માત્ર જ્ઞાન જ નહીં પરંતુ સ્વદર્શન કરી જીવનમાં આચરણ પણ ખૂબ જરૂરી છે. સાધના, યોગથી ચિંતા દૂર થાય છે. પરમાત્મા જે સ્થિતિમાં રાખે તેમ રહેવું અને તેનો સ્વીકાર કરી જીવન જીવવું એ મારો મુખ્ય સંદેશ છે.'

પરોપકારી, સેવાભાવી અને જ્ઞાનને ક્ષણે ક્ષણે પીરવા મથતા ખરા વૈજ્ઞાનિક બી.બી. કાબરીયાને શુભેચ્છા - અભિનંદન આપતા કવિ ઉમાશંકર જોષીની પંક્તિઓ ભેટ ધરીએ.

વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી!
પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની વનસ્પતિ.

બાબુભાઇના લેન્ડલાઇન નંબર છે. **(૦૨૮૧) ૨૫૬૨૨૫૭** અને મો. ન. છે. **૯૩૭૪૨૦૨૫૧૮** (ઓફિસ નં. **(૦૨૮૧)૨૭૮૪૧૭૦**)

કર્ણાટકની સૌથી મહાન ટેસ્ટ ટીમની પસંદગી

કિરમાણીની ડ્રીમ ટીમમાં રાહુલ દ્રવિડનો સમાવેશ

બેંગ્લોર,તા. ૧૨

ભારતના ભૂતપૂર્વ મહાન વિકેટકિપર સૈયદ કિરમાણીએ આજે ટેસ્ટ ક્રિકેટમાં રાજ્યની હજુ સુધીની સૌથી મહાન પસંદગીની અંગત ટીમ પસંદ કરી હતી જેમાં રાહુલ દ્રવિડ અને જીઆર વિશ્વનાથનો ૧૨ સભ્યની ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સૈયદ કિરમાણીની ટીમમાં ઝડપી બોલર જવાગલ શ્રીનાથ અને વેંકટેશ પ્રસાદ સ્થાન મેળવી શક્યા નથી. આ બંને ૧૨ સભ્યોની યાદીમાં સ્થાન મેળવી શક્યા છે. કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસિએસનની પ્લેટિનમ જયુબલી ઉજવણી પ્રસંગે સૈયદ કિરમાણીએ કહ્યુ હતુ કે પ્રસન્ના અને ભાગવત ચંદ્રશેખર એમ આ બે મહાન ખેલાડીઓ સાથે તેમને રમવાની તક મળી નથી જેથી તે તેમના અંગે વધારે વાત કરવાની સ્થિતિમાં નથી. સૈયદ કિરમાણીની ૧૨ સભ્યોની ટેસ્ટ ઈલેવનમાં કર્ણાટકના જે ખેલાડીઓને સ્થાન મળ્યુ છે તેમાં રોજર બિન્ની, અનિલ કુંબલે, પ્રસન્ના અને ભાગવત ચંદ્રશેખરનો સમાવેસ થાય છે. ચંદ્રશેખરને વર્ષ ૨૦૦૨માં સદીના સર્વશ્રેષ્ઠ પરફોર્મન્સ બદલ

વિઝડનનો એવોર્ડ મળ્યો હતો. પ્રસન્ના પણ ઘણી સિદ્ધી તેમની કેરિયરમાં ધરાવે છે. પ્રસન્ના ૨૦ ટેસ્ટ મેચોમાં ભારતીય બોલર માટે ટેસ્ટમાં સૌથી ઝડપથી ૧૦૦ વિકેટ લેવાની સિદ્ધી ધરાવે છે. પ્રસન્નાએ પોતાની કેરિયરમાં ૪૯ ટેસ્ટ મેચોમાં ૧૮૯ વિકેટ ઝડપી હતી. વિશ્વનાથના સંબંધમાં અનેક ખેલાડીઓ તેમની મહાનતા સ્વીકારી ચુકયા છે. વિશ્વનાથે તેમની કેરિયર દરમિયાન શાનદાર દેખાવ કર્યો હતો. બિલ લૌરીની ઔસ્ટ્રેલિયન ટીમ સામે ૧૯૬૯-૭૦માં કાનપુર ખાતે ટેસ્ટ પ્રવેશે જ બીજી ઈનિંગ્સમાં ૧૩૭ રન ફટકાર્યા હતા. કિરમાણીની ટીમ નીચે મુજબ છે.વી સુબ્રમણમયમ(કેપ્ટન), રોજર બિન્ની, રાહુલ દ્રવિડ, જી આર વિશ્વાનાથ, બ્રજેશ પટેલ, સૈયદ કિરમાણી, સુનિલ જોશી, અનિલ કુંબલે, પ્રસન્ના, ભાગવત ચંદ્રશેખર, જવાગલ શ્રીનાથ, વેંકટેશ પ્રસાદ.

ઈન્ડોનેશિયામાં ૬.૩ની તીવ્રતાનો પ્રચંડ ધરતીકંપ

જાકાર્તા,તા. ૧૨

ઈન્ડોનેશિયાના પૂર્વીય ભાગમાં આજે સવારે ૬.૩ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપનો આંચકો આવ્યો હતો. જો કે સુનામીની કોઈ પણ ચેતવણી જારી કરવામાં આવી નથી. અમેરિકાના ભૂકંપ સાથે સંબંધિત વિભાગના અધિકારીઓએ કહ્યુ છે કે પૂર્વ ઈન્ડોનેશિયાના માલુકુ દ્વીપમાં આ ભૂકંપનો આંચકો આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર દરિયામાં નોંધાયું હોવાથી વધારે અસરકારકતા ટળી ગઈ હતી. જો કે દરિયામાં પણ સુનામીના મોજા ઉછળ્યા ન હતા. જાણકાર લોકોએ કહ્યું છે કે આ આંચકાની અસર ૧૦ સેકન્ડ સુધી રહી હતી પરંતુ કોઈ નુકસાન થયું ન હતું. ઈન્ડોનેશિયા વિશ્વના સૌથી વધારે ભૂકંપ પ્રભાવિત વિસ્તારો પૈકી એક છે.